માનનીય અધ્યક્ષશ્રી,

આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી અભેસિંહ તડવી જે બિન સરકારી સંકલ્પ "વન નેશન વન રેશન કાર્ડ" આ સભાગૃહમાં લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરૂં છું.

આથી માનનીય પ્રધાનમંત્રીશ્રીએ રાષ્ટ્રીય એકતા લાવવા તેમજ લોકોની સુગમતા વધારવાના શુભ આશયથી વર્ષ–૨૦૧૯ થી **"વન નેશન વન રેશન કાર્ડ"** યોજના અમલમાં મુકેલ છે. જે યોજનાના લાભાર્થી તરીકે નોંધાયેલા કોઈપણ રાશનકાર્ડ ધારક રોજગારી માટે કોઈ એક રાજયમાંથી બીજા રાજયમાં કે રાજયના કોઈપણ જિલ્લા, તાલુકા કે શહેર કે ગામમાં રહેવા જતાં પરપ્રાંતિય મજુરો, કારીગરો, ખેતમજુરો તેમજ વિચરતુ જીવન જીવતા પરિવારો જે રાજય, જિલ્લા તાલુકા ગામમાં વસવાટ કરતા હોય ત્યાંની વ્યાજબી ભાવની દુકાનપર થી પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી શકે છે જેથી NFSA હેઠળ સમાવેશ લાભાર્થીઓને પોતાનું રાશન ખૂબ સરળતાથી ઉપલબ્ધ થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આપણા માટે ગર્વની વાત છે કે ભારત સરકાર ધ્વારા આ યોજનાની શરૂઆત કરવામાં આવી જેમાં ગુજરાત રાજયને પાયલોટ પ્રોજેકટ તરીકે પસંદગી કરી ગુજરાત અને મહારાષ્ટ્ર રાજય વચ્ચે પોર્ટેબીલીટીથી વિતરણ વ્યવસ્થા અમલમાં મૂકેલ છે. આ યોજનાનો લાભ દેશના NFSA હેઠળના તમામ લાભાર્થીઓ મેળવી શકે છે. વન નેશન વન રાશનકાર્ડ હેઠળ કોઈપણ સ્થળેથી મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવવા માટે લાભાર્થીએ પોતાના રાજયમાં રાશનકાર્ડ સાથેનું આધાર સીડીંગ કરેલ હોવું જરૂરી છે. આજે સમગ્ર દેશમાં વન નેશન વન રેશન કાર્ડ યોજના શરૂ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આ યોજના ભારતીયોને ખાદ્ય સુરક્ષાનું અભૂતપૂર્વ સશક્તિકરણ કરે છે. ભારતમાં કરોડો લોકો એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થાળાંતર કરે છે અને કરોડો લોકો NFSA યોજના હેઠળ સબસીડીવાળા અનાજ ઉપરાંત, તેઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) હેઠળ મળતા મફત અનાજનો પણ લાભ મળે છે. મફત મળેલા અનાજના કારણે તેઓના બચેલા નાણા વડે તેમની આર્થિક ઉન્નતિ થાય છે. આનાથી ભારતીય કામદારો આત્મનિર્ભર બની રહયા છે જેથી ભારત આત્મનિર્ભર બની રહયું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

કામદારો સ્થાળાંતર કરે ત્યારે નવા સ્થળોએ એમને ખબર નથી હોતી કે તેને અનાજ ક્યાં લેવા જવું તો એના માટે સરકારશ્રીએ My Ration App શરૂ કરી છે જેની મદદથી લાભાર્થીઓ ને તેમની નજીક કઈ વ્યાજબી ભાવની દુકાન આવેલી છે તેમજ તેમને કેટલો જથ્થો મળવાપાત્ર છે તે બધીજ માહિતી તેમાંથી મળી રહે છે.

લોકોમાં જાગૃતિ આવે તે માટે દર મહિને તાલુકા મથક ઉપર વ્યાજબી ભાવની દુકાનદારોની મીટીગ બોલાવવામાં આવે છે તેમાં આ યોજનાઓ અંગે તેમને સમજૂતિ આપવામાં આવે છે અને પોર્ટેબીલીટી થી અનાજના જથ્થાનું વિતરણ કરવા સૂચનાઓ આપવામાં આવે છે. પ્રચાર પ્રસાર માટે પેમ્પલેટનું વિતરણ અને વ્યાજબી ભાવની દુકાનો પર બેનરો લગાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આ યોજનાના અમલીકરણ માટે દરેક વ્યાજબી ભાવનના દુકાનદારોને ૫% વધારાનો અનાજનો જથ્થો આપવામાં આવે છે. જે વ્યાજબી ભાવની દુકાનેથી વધુ રાશનકાર્ડ ધારકો વન નેશન વન રાશન કાર્ડ હેઠળ લાભ મેળવતા હોય તે વ્યાજબી ભાવના દુકાનદાર જાતે પોતાના લોગીન માંથી વધારાની પરમીટ જનરેટ કરી વધારાનો અનાજનો જથ્થો મેળવી શકે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

હું મારા સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરૂં તો સુરેન્દ્રનગર જિલ્લામાં **૨,૪૯,૨૪૯** કુટુંબો NFSA યોજના હેઠળ લાભ મેળવે છે જેમાં **કુલ ૧૦,૬૯,૧૬૧ લોકો** પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ લાભ મેળવે છે. દર માસે જિલ્લામાં સરકારશ્રીના બેન્ચમાર્ક મુજબ ૯૫ ટકા થી વધારે વિતરણ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૩–૨૪ જાન્યુઆરી અંતિત **૧,૧૩,૮૭૬ રેશન કાર્ડ ધારકોએ** "વન નેશન વન રેશનકાર્ડ" યોજનાનો લાભ લીધેલ છે. આમ દર માસે **સરેરાશ ૮૭૯૧ રેશનકાર્ડ ધારકો** વન નેશન વન રેશન કાર્ડ યોજનનો લાભ સુરેન્દ્રનગર જિલ્લામાં મેળવે છે.અન્ય રાજયમાંથી સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા પરપ્રાંતિય લોકો "વન નેશન વન રેશન કાર્ડ" યોજનાને કારણે રાશનનો લાભ મેળવે છે.

માનનીય અધ્યક્ષશ્રી,

વન નેશન વન રેશન કાર્ડ યોજના થકી "આપ જહાઁ રાશન વહાઁ" ની વ્યવસ્થા સ્થાપી વિશ્વમાં એક અલગ પ્રકારનો ઈતિહાસ રચ્યો છે. ભારતને ભૂખ મુકત કરવાના સફળ પ્રયાસ બદલ હું માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને અભિનંદન આપું છું. વિશ્વના ઘણા દેશોમાં ભૂખમરો છે પરંતુ ભૂખમરો દૂર કરવાની આવી વ્યવસ્થા વિશ્વમાં કયાંય નથી. આજના ડીજીટલ ભારતના જમાનામાં કોઈપણ લાભાર્થી દેશના કોઈપણ ખૂણામાં અંગુઠાનો ઉપયોગ કરીને પેટનો ખાડો પૂરી શકે છે આ માત્ર યોજના નથી પણ ક્રાંતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ સમગ્ર દેશમાં એક સૂત્રતા સ્થાપી ભારતને એક મજબૂત રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત કર્યુ છે ત્યારે

-- વન નેશન વન રેશન કાર્ડ,

-- વન રેન્ક વન પેન્શન,

--વન નેશન વન ટેક્ષ અને હવે દેશમાં આગામી વર્ષોમાં

--વન નેશન વન ઈલેકશન માટેની કાર્યવાહી પણ શરૂ છે.

ભારતીય જનસંઘના સ્થાપક ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીનો દ્રઢ સંકલ્પ હતો કે એક દેશમેં દો વિધાન, દો પ્રધાન, દો નિશાન નહી ચલેગે, નહી ચલેગે અને દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબે **જમ્મુ કશ્મીરમાં કલમ ૩૭૦ અને ૩૫–એ દૂર કરી** ને -- વન નેશન વન સંવિધાન,

-- વન નેશન વન પ્રધાન,

-- વન નેશન વન નિશાન નું સંકલ્પ પૂર્ણ કર્યા.

**માનનીય અધ્યક્ષશ્રી,**

હું સૌરાષ્ટ્ર માંથી આવું છું. સૌરાષ્ટ્ર નો રોટલો અને ઓટલો ખૂબજ મોટો છે જેમાં ૨૪ કલાક અન્નક્ષેત્રો શરૂ હોય તેવા અસંખ્ય ધામો જેવાકે....

(૧) સાયલા ખાતે લાલજીમહારાજની જગ્યા હોય કે
(૨) પાટડી તાલુકાનું પીપળીધામ – રામદેવપીરનું મંદિર સવારામ બાપાની જગ્યા હોય
(૩) વીરપુર ખાતે જલારામ બાપાનું મંદિર હોય કે
(૪) પાળીયાદની વિહળાનાથની જગ્યા હોય કે
(૫) સાળંગપુર હનુમાનજી દાદાનું મંદિર હોય કે
(૬) સતાધારની જગ્યા હોય કે
(૭) પરબના પીરની પરબધામની જગ્યા હોય કે
(૮) બગદાણા વાળા બજરંગદાસબાપાની જગ્યા હોય

**માનનીય અધ્યક્ષશ્રી,**

"વન નેશન વન રેશન કાર્ડ' યોજનનો રાજયમાં સૂચારૂ રીતે અમલીકરણ કરી છેવાડાના માનવીની ભૂખ દૂર કરવા બદલ રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છુ . **જય જય ગરવી ગુજરાત.....**